# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

**************************************************

1) સંસદનું ચોમાસું સત્ર આગામી 21 જુલાઈએ શરૂ થશે

2) જાતિગણતરી સાથે વર્ષ 2027માં બે તબક્કામાં વસ્તી ગણતરી હાથ ધરાશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના નાયબ પ્રધાનમંત્રીએ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા ચર્ચા કરી

4) ભારતે એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા પાકિસ્તાનને અપાતી નાણાકીય સહાયના દુરુપયોગની શક્યતા વ્યક્ત કરી

5) મધ્યપ્રદેશના ઝાબુઆમાં સિમેન્ટ ભરેલી ટ્રક પલટી જતાં નવ લોકોનાં મોત

6) બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક થયેલી ભાગદોડમાં સાત લોકોના મોત બાદ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુંરુની પ્રથમ IPL જીતની ઉજવણી દુ:ખદ બની

..............................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARALIMENT SESSION

સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થશે. સરકારે આજે આ જાહેરાત કરી. અગાઉ, વિરોધ પક્ષોએ ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ કરી હતી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે આ સત્ર ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે.

(બાઈટ – કિરણ રિજ્જુ)

ઓપરેશન સિંદૂર પછી આ પહેલું સંસદ સત્ર હશે. આને ભારતે પહેલગામ આતંકવાદી હુમલા પછી શરૂ કર્યું હતું. જેમાં ૨૫ ભારતીયો અને એક નેપાળી નાગરિક માર્યા ગયા હતા. જવાબી કાર્યવાહીમાં ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી છાવણીઓ પર હુમલો કર્યો, જેમાં સોથી વધુ આતંકવાદીઓ માર્યા ગયા.

. . . . . . . . . . . . . . . .

# KIRAN RIJJU – MAHABHIYOG

દિલ્હી વડી અદાલતના પૂર્વ ન્યાયાધીશ યશવંત વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની પ્રક્રિયા શરૂ કરવા માટે સરકાર તમામ રાજકીય પક્ષો વચ્ચે સર્વસંમતિ બનાવવા પર કામ કરી રહી છે. થોડા મહિના પહેલા, નવી દિલ્હીમાં ન્યાયમૂર્તિ યશવંત વર્માના સત્તાવાર નિવાસસ્થાનમાંથી મોટી રકમ રોકડ મળી આવી હતી.

નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે ન્યાયમૂર્તિ વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે અને તેના પર રાજકારણને કોઈ અવકાશ નથી. આ મુદ્દાને ગંભીર ગણાવતા, શ્રી રિજિજુએ કહ્યું કે ન્યાયતંત્રમાં કે ક્યાંય પણ ભ્રષ્ટાચાર પર રાષ્ટ્રીય હિતમાં ચર્ચા થવી જોઈએ.

. . . . . . . . . . . . . . . .

# MODI - AUSTRALIAN VICE PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના નાયબ પ્રધાનમંત્રી અને સંરક્ષણમંત્રી રિચાર્ડ માર્લ્સે આજે ભારત-ઓસ્ટ્રેલિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે ચર્ચા કરી. ઓસ્ટ્રેલિયાના નાયબ પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા અને સરહદ પાર આતંકવાદ સામે ભારતની લડાઈમાં પોતાનો ટેકો વ્યક્ત કર્યો. બંને નેતાઓએ સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ, સરળ પુરવઠા શ્રુંખલા, મહત્વપૂર્ણ ખનિજો, નવી અને ઉભરતી ટેકનોલોજી સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે દ્વિપક્ષીય સહયોગ માટે સ્થિર, સુરક્ષિત અને સમૃદ્ધ ઇન્ડો-પેસિફિક માટેનું સહિયારું વિઝન આવશ્યક છે.

પ્રધાનમંત્રી મોદીએ ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી ચૂંટણીમાં લેબર પાર્ટીની ઐતિહાસિક જીત બદલ શ્રી માર્લ્સને અભિનંદન આપ્યા. તેમણે આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારી વાર્ષિક સમિટ માટે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીસને પણ આમંત્રણ આપ્યું.

. . . . . . . . . . . . . . .

# GOVERNMENT CENSUS

સરકારે જાતિ વસ્તી ગણતરી સાથે બે તબક્કામાં વસ્તી ગણતરી-૨૦૨૭ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. પ્રથમ તબક્કો ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને લદ્દાખના પર્વતીય અને બરફીલા વિસ્તારોમાં યોજાશે. બીજો તબક્કો ૧ માર્ચ, ૨૦૨૭ થી દેશના અન્ય ભાગોને આવરી લેતા હાથ ધરવામાં આવશે. છેલ્લી વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧ માં બે તબક્કામાં હાથ ધરવામાં આવી હતી. પ્રથમ તબક્કો ઘરોની યાદી બનાવવાનો હતો અને બીજો તબક્કો વસ્તી ગણતરીનો હતો.

. . . . . . . . . . . . . . . .

# PM MODI – HARDEEP PURI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે છેલ્લા 11 વર્ષમાં ભારતના ઉર્જા ક્ષેત્રમાં માળખાકીય પરિવર્તન આવ્યું છે, જેમાં સસ્તી અને સ્વચ્છ ઉર્જાને મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ લખેલા એક લેખને શેર કરતાં, શ્રી મોદીએ કહ્યું કે આ પગલું સુધારાઓ, હરિત પહેલો અને આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . .

# PM MODI – PRAHALAD JOSHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે ભારતના નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં છેલ્લા 11 વર્ષમાં પરિવર્તનશીલ સુધારાઓ જોવા મળ્યા છે. શ્રી મોદીએ કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ લખેલા લેખને શેર કરતી વખતે આ વાત કહી.

. . . . . . . . . . . . . . . .

# PM ON ENVIRONMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવી દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્ક ખાતે એક ખાસ વૃક્ષારોપણ અભિયાન શરૂ કરશે. પ્રધાનમંત્રી એક પેડ મા કે નામ પહેલ હેઠળ વડનું વૃક્ષ વાવશે. પ્રધાનમંત્રી દિલ્હી સરકારની ટકાઉ પરિવહન પહેલ હેઠળ 200 ઇલેક્ટ્રિક બસોને પણ લીલી ઝંડી આપશે.

. . . . . . . . . . . . . . . .

# INDIA - ADB

ભારતે એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા પાકિસ્તાનને આપવામાં આવતી કોઈપણ નાણાકીય સહાયના દુરુપયોગની શક્યતા વ્યક્ત કરી છે. પાકિસ્તાનના વધતા સંરક્ષણ ખર્ચ, ઘટતા જતા કર અને કુલ સ્થાનિક ઉત્પાદન ગુણોત્તર અને મુખ્ય વ્યાપક આર્થિક સુધારા પર સ્પષ્ટ પ્રગતિના અભાવને ધ્યાનમાં રાખીને ભારતે બેંકના સંસાધનોના સંભવિત દુરુપયોગ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

ભારતે કહ્યું કે જીડીપીના હિસ્સા તરીકે પાકિસ્તાનનો કર સંગ્રહ નાણાકીય વર્ષ ૨૦૧૮ માં ૧૩ ટકાથી ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૩ માં ૯.૨ ટકા થયો છે. ભારતે પાકિસ્તાનની વર્તમાન શાસન પ્રણાલી સામે પણ સખત વાંધો વ્યક્ત કર્યો હતો જે પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા માટે ગંભીર ખતરો ઉભો કરી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# NADDA - CONGRESS

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ આજે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની પહલગામ આતંકવાદી હુમલા પછી શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂરને કથિત રીતે નબળી પાડવા બદલ ટીકા કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી નડ્ડાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધની તેમની ટિપ્પણીને સશસ્ત્ર દળો અને 140 કરોડ ભારતીયોનું દુર્ભાગ્યપૂર્ણ અને ગંભીર અપમાન ગણાવ્યું. ઓપરેશન સિંદૂર ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી, હિંમત અને શોર્ય નો પુરાવો છે.

. . . . . . . . . . . . . . .

# BJP – SUDHANSHU TRIVEDI

ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ પાર્ટી અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પર ઓપરેશન સિંદૂરની કથિત ટીકા કરવા બદલ પ્રહારો કર્યા છે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે રાહુલ ગાંધીએ જે રીતે સેનાની સફળતાને શરણાગતિ સાથે સરખાવી છે તે સેનાની બહાદુરી અને બલિદાનનું સ્પષ્ટ અપમાન છે.

(બાઈટ – સુધાંશુ ત્રિવેદી)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MP - ACCIDENT

મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લામાં ગઈકાલે મોડી રાત્રે સિમેન્ટ ભરેલી ટ્રક પલટી જતાં નવ વ્યકિતઓનાં મોત થયાં છે. જેમાં છ મહિલાઓ અને ત્રણ પુરુષોનો સમાવેશ થયા છે. બે વ્યકિતઓ ઘાયલ થયાં છે.

આ અકસ્માતમાં સિમેન્ટ ભરેલી ટ્રક વાન પર પડી હતી, જેના કારણે વાહનને સંપૂર્ણપણે નુકસાન થયું હતું. મુખ્યમંત્રી મોહન યાદવે મૃતકોના પરિવારજનોને બે-બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો અંગે શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે. શ્રી મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારને બે-બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . . .

# RCB – WELCOME

બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક થયેલી ભાગદોડમાં સાત લોકોના મોત બાદ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુંરુની પ્રથમ IPL જીતની ઉજવણી દુ:ખદ બની ગઈ. આ ઘટનામાં 24 લોકો ઈજાગ્રસ્ત થયા છે. હજારો પ્રશંસકોએ વિવિધ દરવાજાઓ થી સ્ટેડિયમમાં ઉતાવળમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો ત્યારે ભાગદોડ થઈ હતી. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કર્ણાટક સરકારે સુરક્ષા ને ધ્યાને રાખીને વિધાન સૌધાથી ચિન્નાસ્વામી ક્રિકેટ સ્ટેડિયમ સુધીની વિજય પરેડ રદ કરી હતી.

આ અગાઉ IPL વિજેતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લુંરુ-RCB ટીમનું આજે બેંગલુરુ પહોંચતા પ્રશંસકોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. રજત પાટીદારની આગેવાની હેઠળની ટીમનું વિમાનમથક પર કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે સ્વાગત કર્યું હતું.

. . . . . . . . . . . . . . .

# HAZ YATRA

આજથી શરૂ થયેલી હજ યાત્રા માટે ભારત સહિત વિશ્વભરમાંથી લગભગ ૧૮ લાખ યાત્રાળુઓ સાઉદી અરેબિયાના મીનામાં એકઠા થઈ રહ્યા છે. તેમણે પવિત્ર શહેર મક્કાથી પોતાની યાત્રા શરૂ કરી હતી. યાત્રાળુઓ આજની રાત મીનામાં વિતાવશે અને આવતીકાલે સવારે હજની મુખ્ય વિધિ કરવા માટે અરાફાતના મેદાન તરફ જશે. ભારતીય યાત્રાળુઓ "હજ સુવિધા" મોબાઇલ એપ્લિકેશન અને ટોલ-ફ્રી નંબરો પર સહાય મેળવી શકે છે.

. . . . . . . . . . . . . . . .

# NETHERLAND – PM RESIGN

નેધરલેન્ડ્સના પ્રધાનમંત્રી ડિક શૂફે રાજીનામું આપવાની જાહેરાત કરી છે. પાર્ટી ફોર ફ્રીડમ-પીવીવી દ્વારા ગઠબંધન સરકાર છોડવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ શ્રી ડિક શૂફે આ નિર્ણય લીધો છે. તેમણે કહ્યું છે કે તેઓ આજે નેધરલેન્ડ્સના રાજાને ઔપચારિક રીતે રાજીનામું સુપરત કરશે.

. . . . . . . . . . . . . . . .

# MAHARASTRA – RAIL PROJECT

રેલ્વે મંત્રાલયે મહારાષ્ટ્રમાં મધ્ય રેલ્વે હેઠળ મિરાજ કોર્ડ લાઇન પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેનો અંદાજિત ખર્ચ આશરે ૧૨૯ કરોડ રૂપિયા છે. ૧.૭૩ કિલોમીટર લાંબી આ લાઇનનો ઉદ્દેશ્ય રેલ કામગીરીમાં સુધારો કરવાનો અને મિરાજ જંકશનમાં ભીડ ઓછી કરવાનો છે. મિરાજ જંકશન એ મિરાજ-પુણે, મિરાજ-કોલ્હાપુર, મિરાજ-પંઢરપુર અને મિરાજ-લોંડા સહિતના મુખ્ય રૂટને જોડતો એક મહત્વપૂર્ણ રેલ ઇન્ટરચેન્જ પોઇન્ટ છે.

. . . . . . . . . . . . . . . .